ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

જ્ઞાનગંગા

મુખપત્ર

વર્ષ : ૩ | અંક : ૨ | ૧ ઓક્ટોબર, ૨૦૦૬

देवी वाचमजनयन्त देवास्तां विश्वरुपाः पशवो वदिन्त ।
सा नो मन्द्रेषमूर्जं दुहाना धेनुर्वागस्मानुपसुन्दुतैतु ॥

(ઋગ્વેદ)

દેવતાઓ દ્વારા પ્રગટ થતી વાણીનો પ્રયોગ સમસ્ત પ્રાણીઓ દ્વારા કરવામાં આવે છે.
આ વાણી સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરનાર કામધેનું જેવી છે. આ વાણી અમને બધાને પ્રાપ્ત થાય.

કુલપતિશ્રીની કલમે

જ્ઞાનગંગાના માધ્યમથી ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તમામ અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રના સંયોજક/ પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓ, વિદ્યાર્થીમિત્રો,પરામર્શકો તથા અન્ય સંલગ્ન સમાજની બધી સંસ્થાઓને હું મારા અભિનંદન પાઠવું છું. યુનિવર્સિટીના કુલપતિ તરીકે હું મારા બધા પૂર્વગામી કુલપતિઓ ડો.એમ.એન.દેસાઈ, શ્રી એસ.ડી.શર્મા, શ્રી એસ.જી.માંકડ, શ્રી સી.આર. બીસ્વાસ, ડો.કે.ડી. વસાવા તથા ડો. એ.એમ.મર્ચન્ટના યોગદાનને ધ્યાનમાં રાખી સમાજ, સરકાર તથા વિદ્યાર્થી સમુદાયની અપેક્ષાઓને પૂર્ણ કરવાનો સંકલ્પ કરું છું.

આપણી યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ સમય, ધન તથા અન્ય પ્રતિકૂળતાને કારણે શિક્ષણ કે ઉચ્ચશિક્ષણથી વંચિત રહેલ લોકોને તેમને ઘેર બેઠાં શિક્ષણ આપવાનું છે. આને માટે જરૂરી છે પ્રવેશ, ગુણવત્તા સભર સ્વ-અધ્યયન, અભ્યાસસામગ્રી, પરામર્શન, સમયસર પરીક્ષા સંચાલન તથા પરિણામની ઘોષણા તથા વિદ્યાર્થી સેવાઓને વ્યવસ્થિત ગોઠવવી. હવે અભ્યાસક્રમ અને વિદ્યાર્થીની સંખ્યા વધતા યુનિવર્સિટીનો વ્યાપ વધ્યો છે. આ વ્યાપને વ્યવસ્થિત મજબૂત નેમની જરૂર છે. તેને બેઠું કરવાનું તથા ગુણવત્તાનું દરેક ભાગમાં પ્રાણસંચાર કરવાની આપણી પ્રાથમિકતા છે. વ્યાપ, વ્યવસ્થા અને ગુણવત્તાનો સુમેળ આપણી યુનિવર્સિટીના વિકાસ યજ્ઞનો મૂળ મંત્ર રહેશે.

આપણી બીજી પ્રાથમિકતા યુનિવર્સિટીના જુદા-જુદા ક્ષેત્રોમાં રહેલ બેકલોગ પૂરો કરવાની છે. સાથે સાથે બીજા કાર્યો સમાંતર રીતે સમયસર ચાલતા રહે તે પણ આપણે જોવાનું છે. આ અંગે થોડાક નિર્ણયો લેવાયા છે જેની માહિતી આ મુખપત્રથી મળી રહેશે. લીધેલ નિર્ણયોની ગેરસમજ નહીં થાય તે માટે હું આપને જણાવું છે.

યુનિવર્સિટીના જે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી પૂરતી ઉપલબ્ધ નથી એવા જ અભ્યાસક્રમો હમણાં મુલત્વી રાખવામાં આવેલ છે. જે માટે તે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી સંપૂર્ણ તૈયાર થઈ જશે ત્યારે તેને ફરીથી શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને બીજા વિકલ્પો પણ આપવામાં આવ્યા છે તેની જાણ પ્રવેશ વિભાગની માહિતીમાંથી મળી રહેશે. તેમજ એમ.એસ.ડબલ્યુ અભ્યાસક્રમ અંગેના નિર્ણયો લીધા છે જેની જાણ એમ.એસ.ડબલ્યુ વિભાગની માહિતીમાંથી મળી રહેશે. પીએચ.ડી. અભ્યાસક્રમોમાં પ્રવેશ પૂર્વે અને તે પછી ગુણવત્તા જળવાય તે માટે ઈગ્નૂના પૂર્વ કુલપતિશ્રી, પ્રો. પી. કે. મહેતાના સંયોજનમાં એક કમિટીનું ગઠન કરવામાં આવેલ છે. આ કમિટીની ભલામણોના અમલીકરણથી આપણી યુનિવર્સિટીની ડિગ્રીનું મૂલ્ય વધશે એવી અપેક્ષા છે.

આપણા અભ્યાસક્રમો તથા સ્વ-અધ્યયન અભ્યાસસામગ્રીની ગુણવત્તા સુધારવા માટે દરેક અભ્યાસક્રમમાં જે તે વિષયના શ્રેષ્ઠ નિષ્ણાતોની પેનલ બનાવી, અભ્યાસક્રમ સલાહકાર સમિતિઓ બોલાવીને તેની ભલામણો અમે ક્રિયાન્વિત કરી રહયા છીએ. સાથે સાથે પરીક્ષા, પ્રવેશ, શિષ્યવૃત્તિ વિતરણ તથા વિદ્યાર્થી સહાય સેવાઓનું પુર્નગઠનની પ્રક્રિયા શરૂ કરી દીધી છે જેના પરિણામ થોડા સમયમાં આપણને મળવાનું શરૂ થઈ જશે.

વર્તમાન અભ્યાસક્રમોને દૂરવર્તી શિક્ષણ પદ્ધતિથી સુસજજ કરવા ઉપરાંત સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લઈને નવા ઓન લાઈન અભ્યાસક્રમો ભવિષ્યમાં શરૂ કરવાની યુનિવર્સિટીની યોજના છે. જેથી રાજય અને બહાર વસતા સમસ્ત ગુજરાતી સમાજ સુધી પહોંચી શકાય તથા ડિઝીટલ લીટરસી અને નોલેજ સોસાયટી જ્ઞાનસમાજ રચનામાં યુનિવર્સિટી પોતાની ભૂમિકા ભજવી શકે.

મિત્રો, આપણે જ્ઞાનની (સં)ક્રાંતિના યુગમાંથી પસાર થઈ રહયા છીએ. જ્ઞાનમાં જેટલું યોગદાન પહેલા સદીઓમાં થતું હતું તે હવે વર્ષોમાં થઈ રહયું છે જ્ઞાનના આ વિસ્ફોટ સાથે સમાજને અપ ટુ મોમેન્ટ (અપ ટુ ડેટ નહીં) રાખવા માટે આપણી યુનિવર્સિટીએ પણ પોતાની ભૂમિકા ભજવવી પડશે. અને આ ભૂમિકા પણ ગુણવત્તાસભર હશે ત્યારે જ આપણે ટકી શકીશું. આપણા રાષ્ટ્ર અને રાજયને જ્ઞાનસમાજ બનાવવામાં હું યુનિવર્સિટી સંલગ્ન બધાના સૂચનો, માર્ગદર્શન સહકાર મને મળે તેવી આશા રાખું છું.

આપણી યુનિવર્સિટીને વાઈબ્રન્ટ બનાવવાનું કાર્ય અસંભવ નથી પણ એક સુખદ પડકાર છે. જેને ઝીલવા માટેની ઈશ્વરે આપણને તક આપી છે. આ પડકાર સતત મહેનત, પ્રામાણિકતા, સમાજ તથા યુનિવર્સિટી પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાથી આપણે નિશ્ચિતપણે પહોંચી વળવાના છીએ. આ પ્રક્રિયા થોડી જટીલ છે એટલે યુનિવર્સિટી વતી સમાજ પાસે થોડી ઉદારતા અને ધૈર્યની અપેક્ષા રાખું છું. વાક્ દેવી સરસ્વતી હાથ ધરેલ કામગીરી પૂર્ણ કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

આકૃતિ : સત્યા મનસો મે અસ્તુ (અર્થવેદ - ૫.૩.૪)
(મનના વિચારો સત્ય સિદ્ધ થાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના)

-: અસ્તુ :-

અવધેશકુમાર સિંહ
કુલપતિ

પ્રવેશ વિભાગ...

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઓગષ્ટ-૨૦૦૬ના શૈક્ષણિક સત્રનો પ્રવેશ પ્રારંભ તા.૧૪-૦૯-૨૦૦૬થી થયેલ છે. જે માટેના પ્રવેશ ફોર્મ સમગ્ર ગુજરાતના ૨૩૨ અભ્યાસકેન્દ્રો પર તા.૧૦-૧૦-૨૦૦૬સુધી મળશે. જે ફોર્મ વિદ્યાર્થીઓએ કેન્દ્ર પરથી મેળવી સમયમર્યાદા યુનિવર્સિટી મુખ્યમથકે મોકલી આપવાના રહેશે.

નીચેના અભ્યાસક્રમોમાં પ્રવેશ થનાર છે.

- માસ્ટર ઓફ આર્ટ્સ-અંગ્રેજી (MEG)
- માસ્ટર ઓફ આર્ટ્સ-હિન્દી (MHD)
- માસ્ટર ઓફ આર્ટ્સ-સમાજશાસ્ત્ર (MSO)
- માસ્ટર ઓફ આર્ટ્સ-ગુજરાતી (MGT)
- Master of Valuation in Plant and Machinery (MVPM)
- Master of Valuation in Real Estate (MVRE)
- સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ (BPP)
- બેચલર ઓફ આર્ટ્સ (B.A.)
- બેચલર ઓફ કોમર્સ (B.Com.)
- પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજયુકેશન (PGDDE)
- ડિપ્લોમા ઈન ક્રિએટીવ રાઈટીંગ ઈન ઈંગ્લિશ (DCE)
- ડિપ્લોમા ઈન ક્રિએટીવ રાઈટીંગ ઈન હિન્દી (DCH)
- ડિપ્લોમા ઈન ફાયનાન્સીયલ મેનેજમેન્ટ (DFM)
- ડિપ્લોમા ઈન એડવાન્સ કોસ્ટ એકાઉન્ટિંગ (DACA)
- ડિપ્લોમા ઈન એડવાન્સ એકાઉન્ટિંગ (DAA)
- ડિપ્લોમા ઈન ઈન્સ્યોરન્સ (DIN)
- ડિપ્લોમા ઈન ઓપરેશન રીસર્ચ (DOR)
- ડિપ્લોમા ઈન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર (DMCH)
- ડિપ્લોમા ઈન રૂરલ હેલ્થ (DVHW)
- સર્ટિફિકેટ ઈન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન (CFN)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટિંગ (CIC)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ (CTM)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મેનેજમેન્ટ (CMT)
- સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ (CCCD)
- સર્ટિફિકેટ ઈન પર્સનલ કમ્પ્યુટર સૉફ્ટવેર (CPCS)
- સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઓફ ઈંગ્લિશ(CTE)
- સર્ટિફિકેટ ઈન એનવાયરમેન્ટ સ્ટડીઝ (CES)
- સર્ટિફિકેટ ઈન પાર્ટીસીપેટરી ફોરેસ્ટ મેનેજમેન્ટ (CPFM)
- સર્ટિફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ : લેવલ-I (CCSE)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ (CCC-BAOU)
- સર્ટિફિકેટ કોર્સ ઈન સુવાવડ સહાયક (CTBA)
- સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)
- સર્ટિફિકેટ ઈન યોગવિજ્ઞાન (CYS)
- સર્ટિફિકેટ ઈન નેચરોપેથી (CIN)
- સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટસ (CHR)
- સર્ટિફિકેટ ઈન પંચાયતીરાજ ઈન્સ્ટિટયૂટ મેનેજમેન્ટ (CPRIM)
- સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ અવેરનેશ (CEA)

ઉપરોકત અભ્યાસક્રમો માટેની ફી તથા તમામ વિગતો યુનિવર્સિટીની માહિતી માર્ગદર્શન પુસ્તિકામાંથી ઉપલબ્ધ થશે તથા તે અંગેની માહિતી કેન્દ્ર પરના સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રી પાસેથી વિદ્યાર્થીઓ મેળવી શકશે.

યુનિવર્સિટીએ નીચેના અભ્યાસક્રમો પૂરતી અભ્યાસસામગ્રી ન હોવાને કારણે હમણાં પ્રવેશ આપવાનું મુલત્વી રાખેલ છે. જે અભ્યાસક્રમની અભ્યાસસામગ્રી પૂરેપૂરી ઉપલબ્ધ થશે તેને આગામી સત્રોથી શરૂ કરવામાં આવશે. જે અભ્યાસક્રમો નીચે મુજબ છે.

- ડોકટરેટ ઓફ ફિલોસોફી (Ph.D.)
- માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW)
- માસ્ટર ઓફ આર્ટ્સ ઈન ડિસ્ટન્સ એજયુકેશન (MADE)
- Master of Computer Application (MCA)
- Master of Commerce (M.Com.)
- Bachelor Computer Application (BCA)
- P.G.Diploma in Integrated Environmental Management : Rural and Urban (PGDEM)
- P.G.Diploma in Towards Participatory Management (PGDPM)
- P.G.Diploma in Sustainable Development : Issues and Challenges (PGDSD)
- P.G.Diploma in Environment and Development (PGDED)
- P.G.Diploma in Energy and Environment (PGDEE)
- P.G.Diploma in Globalisation and Environment (PGDGE)
- P.G.Diploma in Natural Resource Management :Physical & Biotic (PGDNR)
- P.G.Diploma in Agriculture and Environment (PGDAE)
- પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન (PGJMC)
- પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલોપમેન્ટ (PGDRD)
- ડિપ્લોમા ઈન ટેક્ષ પ્રેકટીસ (ડાયરેકટ ટેક્ષીસ) (DDT)
- ડિપ્લોમા ઈન ઈનડાયરેકટ ટેક્ષીસ (DIT)
- ડિપ્લોમા ઈન ફીઝીયોથેરોપી ફોર ધી બ્લાઈન્ડ (DIP)
- ડિપ્લોમા ઈન ગાંધીયન ફિલોસોફી (DGP)
- ડિપ્લોમા ઈન યોગ ટીચર ટ્રેનિંગ (DYTT)
- Diploma in Auditing (DIAU)
- Diploma in Business & Corporate Law (DBCL)
- સર્ટિફિકેટ ઈન એમ્પાવરીંગ વિમેન થ્રુ સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ (CWDL)
- સર્ટિફિકેટ ઈન કન્ઝયુમર પ્રોટેકશન (CCP)
- સર્ટિફિકેટ ઈન હેન્ડલુમ વિવર (CIHV)
- સર્ટિફિકેટ ઈન કેનવર્ક (CINC)
- સર્ટિફિકેટ ઈન મોટર રીવાઈન્ડીંગ (CIMR)
- સર્ટિફિકેટ ઈન કાર્પેન્ટરી (CICP)
- સર્ટિફિકેટ કોર્સ ફોર મીકેનીક (CIJM)

- સર્ટિફિકેટ ઈન ગાંધીયન થોટ્સ (CGT)
- સર્ટિફિકેટ ઈન ગાંધીયન વિઝન (CGV)
- સર્ટિફિકેટ ઈન રાઈટ્સ ઓફ વિમેન (CRW)
- સર્ટિફિકેટ કોર્સ ઈન એજયુકેશનલ કાઉન્સેલીંગ (CEC)
- સર્ટિફિકેટ કોર્સ ઈન ચાઈલ્ડ કાઉન્સેલીંગ (CCHC)
- સર્ટિફિકેટ કોર્સ ઈન કેરીયર કાઉન્સેલીંગ (CCAC)
- સર્ટિફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ : લેવલ-૨ (CCSE2)
- સર્ટિફિકેટ ફાઉન્ડેશન કોર્સ ફોર ડિપ્લોમા ઈન ફીઝીયોથેરોપી-૧(CFCP1)
- સર્ટિફિકેટ ફાઉન્ડેશન કોર્સ ફોર ડિપ્લોમા ઈન ફીઝીયોથેરોપી-૨(CFCP2)

ઉપરોકત અભ્યાસક્રમો જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે તેમને યુનિવર્સિટી ત્રણ વિકલ્પો આપે છે.

૧. વિદ્યાર્થીએ અભ્યાસસામગ્રી સંપૂર્ણ તૈયાર થાય ત્યાં સુધી રાહ જોઈ અભ્યાસક્રમ સામગ્રી મળે ત્યારે પૂર્ણ કરવો.
૨. વિદ્યાર્થીએ ભરેલ ફી ઈચ્છે તો યુનિવર્સિટીના અન્ય અભ્યાસક્રમમાં જોડાઈ ફી ટ્રાન્સફર કરાવી શકશે.
૩. વિદ્યાર્થી ઈચ્છે તો ભરેલ ફી અરજી કરી પરત મેળવી શકે છે.

વિદ્યાર્થીઓએ ભરેલ પ્રવેશ ફોર્મ જે તે કેન્દ્ર પર સંપૂર્ણ ચેક કરાવી સીધુ અથવા અભ્યાસકેન્દ્રો દ્વારા મોકલી આપવાનું રહેશે. તથા કેન્દ્રો પર જમા થયેલ પ્રવેશફોર્મ રોજબરોજ કેન્દ્રએ યુનિવર્સિટીને મોકલી આપવા. પ્રવેશની પ્રકિયા યુનિવર્સિટી ખાતે થનાર હોઈ કેન્દ્ર પર એન્ટ્રી કરવાની થતી નથી.

પરીક્ષા વિભાગ...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેની પ્રણાલી મુજબ વર્ષમાં બે વાર લેવાનાર પરીક્ષા નિયત કેન્દ્ર પર યોજે છે. જે અનુસંધાને હમણાં બી.એ./બી.કોમ. અભ્યાસક્રમોની પરીક્ષા તા.૧૭-૦૯-૨૦૦૬ થી તા.૨૮-૦૯-૨૦૦૬ સુધી લીધી તથા હવે અનુસ્નાતક, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સની પરીક્ષા ક્રમશઃ ગોઠવી રહી છે. સાથે સાથે માર્ચ-એપ્રિલમાં લીધેલ પરીક્ષામાં B.Com.,CCC-BAOU, CCCD, CFN તથા DIT અભ્યાસક્રમોનું પરિણામ યુનિવર્સિટીએ જાહરે કરેલ છે તથા અન્ય અભ્યાસક્રમોના પરિણામ તૈયાર કરવાની કામગીરી ઝડપભેર ચાલી રહી છે. આગામી નજીકના દિવસોમાં બાકી રહેલા પરિણામો તૈયાર થઈ જશે પરીક્ષાને લગતો જે બેકલોગ છે તે વધુમાં વધુ છ માસમાં પૂર્ણ થઈ જાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

ઓગષ્ટ-૨૦૦૬ના શૈક્ષણિક સત્રથી ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી(ઈગ્નુ)ની જેમ સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં સતત મૂલ્યાંકનના ભાગરૂપે પરીક્ષાના ૩૦% ગુણભાર ધરાવતા સ્વાધ્યાયકાર્યો રદ કરવામાં આવેલ છે તથા FGP પાઠયક્રમ યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો માટે ફરજિયાત છે પણ તેમાંથી સ્વાધ્યાયકાર્યો રદ કરવામાં આવેલ છે.

યુનિવર્સિટીના જાહેર કરેલ પરિણામો જોવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ **www.baou.org** નો ઉપયોગ કરીને પરિણામ જોઈ શકાશે.

અભ્યાસકેન્દ્રો તરફ...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અત્યારે ગુજરાતના તમામ જિલ્લાઓને આવરી લઈ ૨૩૨ અભ્યાસકેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી શિક્ષણ પુરું પાડી રહી છે. દરેક સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધા અનુસાર જે તે કેન્દ્ર પર અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામા આવેલ છે.

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી ૧૬૬ કેન્દ્રોની મંજૂરી આપવામાં આવેલ છે તેની સ્થળ તપાસ યુનિવર્સિટી દ્વારા કરવાની બાકી છે. જે માટે આગામી દિવસોમાં યુનિવર્સિટી દ્વારા રીવ્યુ કમિટિ દ્વારા કેન્દ્રોનો રીવ્યુ કરવામાં આવનાર છે.

હમણા જે સંસ્થાઓએ યુનિવર્સિટીનું અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર શરૂ કરવા માટે દરખાસ્ત મોકલી છે તેવી સંસ્થાઓની મુલાકાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે અને સ્થળ તપાસ કમિટીનો અહેવાલ આવ્યેથી નિર્ણય લેવાશે. યુનિવર્સિટી પ્રથમ તબક્કામાં જે કેન્દ્રો ચાલુ છે અને સ્થળ તપાસ બાકી છે તેની મુલાકાત લઈ રીવ્યુની કામગીરી પૂર્ણ થયે નવી સંસ્થાની સ્થળ તપાસ કમિટિ મોકલવાનું આયોજન કરશે. તો જે નવી દરખાસ્ત કરેલ છે તેવી સંસ્થાઓને ધૈર્ય રાખી યુનિવર્સિટીને સહકાર આપવા વિનંતી કરવામાં આવેલ છે.

દૂરવર્તી શિક્ષણ આપનાર યુનિવર્સિટી અને લેનાર વિદ્યાર્થી વચ્ચે ચાવીરૂપ ભૂમિકા અભ્યાસકેન્દ્ર/પ્રોગામકેન્દ્રએ ભજવવાની હોય છે. વિદ્યાર્થી સહાય સેવા જે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે તે કેન્દ્ર મારફત જ વિદ્યાર્થીને મળે છે. જેમાં અભ્યાસસામગ્રી, સ્વાધ્યાયકાર્ય, પરામર્શન, પ્રેકટીકલ અને પરીક્ષા વગેરે તમામ વિદ્યાર્થી સહાય સેવામાં કેન્દ્રની ભૂમિકા વધુ છે. યોગ્ય સમયે જે સેવા /માહિતી વિદ્યાર્થીને જોઈએ તે આપવાની જે તે કેન્દ્રના સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીની જવાબદારી બને છે. જેને માટે યુનિવર્સિટીની વિદ્યાર્થી સહાય સેવા અંતર્ગત તમામ બાબતોની માહિતી કેન્દ્રએ યુનિવર્સિટીમાંથી મેળવી લેવી જોઈએ. યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો જે તે સંસ્થાએ કરેલ દરખાસ્તથી તથા યુનિવર્સિટીના તમામ નિયમોનું પાલન કરવાની સંમિતથી ચાલે છે તથા કેન્દ્ર પર જે સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જની નિમણૂક થાય છે તે પણ સંસ્થાની ભલામણને આધારે કરવામાં આવે છે તેથી દરેક સંયોજક/પ્રોગામ ઈન્ચાર્જશ્રીએ પોતાની નૈતિક જવાબદારી સમજી 'વિદ્યાર્થી સહાય સેવા' વિદ્યાર્થીને સમયસર સાચી મળી શકે તે જોવું જોઈએ. અભ્યાસકેન્દ્ર ખાતે યુનિવર્સિટીને વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ નિયત કરેલ ખંડસમયનું મહેકમ આપવામાં આવે છે. આ ખંડસમયના મહેકમમાં જયારે પણ કોઈ ફેરફાર થાય ત્યારે કેન્દ્રએ સમયસર યુનિવર્સિટીને જાણ કરવી.

દરેક કેન્દ્રના સંયોજક/ પ્રો.ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે અભ્યાસસામગ્રી તથા પ્રવેશ ફોર્મ માટે યુનિવર્સિટીએ અલાયદી વ્યવસ્થા ગોઠવેલ છે. ત્યાં શ્રી એલ. એન. નાઈ, બી.એ.ઓ.યુ. ગોડાઉન ઈન્ચાર્જ, ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગોડાઉન, અન્ન અને નાગરિક પુરવઠા નિગમ બોર્ડ, ગોડાઉન નં.૩૫, ઘોડાકેમ્પ, શાહીબાગ, અમદાવાદ(ફોન નં.૬૫૧૩૯૫૨૩)નો સંપર્ક કરવાનો રહેશે.

બોર્ડ ઓફ મેનેજમેન્ટના નવનિયુક્ત સભ્યશ્રીઓ...

૧. શ્રી આર. કે. સૈયદ, અમદાવાદ.
૨. ડો.(મીસ) મંદાબેન પરીખ, અમદાવાદ.
૩. ડો. શ્રધ્ધાબેન રાય, અમદાવાદ.
૪. ડો. ગૌરાંગ ટી. જાની, અમદાવાદ.
૫. ડો. ધરમ ડી. કામ્બલિયા, રાજકોટ.
૬. શ્રી ઓધવજી આર. પટેલ, મોરબી.

ઓગસ્ટ-૨૦૦૬ના સત્રથી શરૂ કરવામાં આવેલ પ્રોગ્રામકેન્દ્રોની યાદી :

૧. સ્ટર્લિંગ હોસ્પિટલ, મેમનગર,અમદાવાદ-૫૨.
૨. આઈ.સી.ઈ.એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,૧૪/૧૫૭, પારસ નગર, સોલા રોડ, અમદાવાદ-૧૩.
૩. શ્રી યુ.એન.ભગત માધ્યમિક શાળા, અશોકનગર, નવા વિકાસગૃહ પાસે, પાલડી, અમદાવાદ-૦૭.
૪. સુદર્શન ફાઉન્ડેશન, મણીનગર, ૩૧, પુષ્પકુંજ સોસાયટી, તીરુપતી એવન્યુ, અપ્સરા સિનેમા પાસે, કાંકરિયા, અમદાવાદ.
૫. સંસ્કાર તીર્થ, આજોલ, તા.માણસા, જિ.ગાંધીનગર.
૬. શ્રી સરસ્વતી માધ્યમિક/ઉ.માધ્યમિક શાળા, કાલાવડ,(શીતલા) આદર્શ ગોડાઉન પાસે, જિ.જામનગર-૩૬૧ ૧૬૦.
૭. શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, મુ.પો.સતલાસણા, જિ.મહેસાણા-૩૮૪ ૩૩૦.
૮. શ્રી મુરલીધર બી.એડ્.કોલેજ, કનકનગર સોસાયટી, મેઈનરોડ, સંતકબીર રોડ, રાજકોટ.
૯. સનરાઈઝ વિદ્યાસંકુલ, ૩, મોરારીનગર, બાબરિયા મેઈન રોડ, રાજકોટ.
૧૦. દોઢીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, થાનગઢ, જિ.સુરેન્દ્રનગર-૩૬૩ ૫૩૦.
૧૧. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર, તા.સમી, જિ.પાટણ
૧૨. શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, ને.હા.નં.૮, મુ. સરવાવ(વાપી), તા.પારડી, જિ.વલસાડ-૩૯૬ ૧૯૧.

સેટેલાઈટ પરામર્શન...

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં પ્રત્યક્ષ શિક્ષણ જે તે અભ્યાસક્રમમાં નિયત કરેલા કલાકોમાં અભ્યાસકેન્દ્ર ઉપર તથા સેટેલાઈટ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં જોડાયેલા વિદ્યાર્થીઓને અભ્યાસકેન્દ્ર પર પરામર્શનનો લાભ મળે છે. પરંતુ કેટલાક અભ્યાસક્રમોમાં વિષય નિષ્ણાતો તમામ કેન્દ્રો પર ઉપલબ્ધ ન હોવાના કારણે પ્રત્યક્ષ શિક્ષણ સેટેલાઈટ દ્વારા યુનિવર્સિટી પુરું પાડે છે.યુનિવર્સિટીના ૬૨ કેન્દ્રો પર સેટેલાઈટ દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ ગોઠવી છે. **વિવિધ અભ્યાસક્રમોના તજજ્ઞો દ્વારા** ગુજરાતભરના વિદ્યાર્થીઓને લાભ મળે છે. જેમાં

અનુસ્નાતક અભ્યાસક્રમમો,
કોમ્પ્યુટર વિષયક અભ્યાસક્રમો તથા
આરોગ્ય વિષયક અભ્યાસક્રમો વગેરેનો તબક્કાવાર કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે.

આ પરામર્શનની ખાસ વિશેષતા એ છે કે અંતરિયાળ ગામડાંઓના વિદ્યાર્થીઓને પણ પોતાના અભ્યાસક્રમના નામાંકિત તજજ્ઞો પાસેથી શિક્ષણ મેળવે છે. તેમજ પોતાને વિષય સંદર્ભે મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવી શકે છે. અને તે માટે યુનિવર્સિટીએ તમામ કેન્દ્રો પર ફોનની સુવિધા પણ ઉભી કરેલ છે.જેને પરિણામે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ મળ્યું હોય તેવી અનુભૂતિ થાય છે. આગામી સમયમાં સેટેલાઈટ દ્વારા જે પરામર્શન સત્રો ગોઠવવાના છે તેની વિગત નીચે મુજબ છે. તો દરેક કેન્દ્ર પર વિદ્યાર્થીઓ તેનો લાભ લે તે માટે કેન્દ્રએ આ કાર્યક્રમ નોટીસ બોર્ડ પર મૂકવો જેથી વિદ્યાર્થીઓને તેની જાણ અગાઉ થાય અને તે ભાગ લઈ શકે.

કાર્યક્રમ

માસ	સમય	વિષય
સપ્ટેમ્બર-૦૬		
૩૦-૦૯-૦૬થી		
શનિવાર	૦૯.૦૦ થી ૧૧.૦૦	એમ.એ. (અંગ્રેજી)
	૦૩.૦૦ થી ૦૫.૦૦	એમ.એ. (હિન્દી)
ઓકટોબર-૦૬		
શનિવાર	૦૯.૦૦ થી ૧૧.૦૦	એમ.એ. (અંગ્રેજી)
	૦૩.૦૦ થી ૦૫.૦૦	એમ.એ. (હિન્દી)
રવિવાર	૧૦.૦૦ થી ૧૨.૦૦	એમ.એ. (હિન્દી)
નવેમ્બર-૦૬		
શનિવાર	૦૯.૦૦ થી ૧૧.૦૦	એમ.એ. (અંગ્રેજી)
	૦૩.૦૦ થી ૦૫.૦૦	એમ.એ. (હિન્દી)
૨૬-૧૧-૦૬ રવિવાર સુધી	૧૦.૦૦ થી ૧૨.૦૦	એમ.એ. (હિન્દી)

યુનિવર્સિટી શૈક્ષણિક પરામર્શન ઉપરાંત પણ યુનિવર્સિટીના અન્ય કાર્યક્રમો પણ સેટેલાઈટ દ્વારા ગોઠવે છે અને તેની દરેક કેન્દ્રને અગાઉથી જાણ કરે છે. યુનિવર્સિટીએ જે કેન્દ્રોને DDRS સુવિધા આપી છે. તે કેન્દ્રો પર તેનું પ્રસારણ મેળવવામાં મુશ્કેલી હોય તો યુનિવર્સિટીને તાત્કાલિક જાણ કરવી. જેથી તેને સમયસર પ્રસારણ મળે તેવી વ્યવસ્થા અત્રેથી ગોઠવી શકાય અને વિદ્યાર્થી તેનો લાભ લઈ શકે. યુનિવર્સિટીના સેટેલાઈટ દ્વારા યોજવામાં આવનાર પરામર્શન સત્રો અંગેનો કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ **www.baou.org** નો ઉપયોગ કરીને પણ જોઈ શકાશે.

સારસ્વતોનો સેટેલાઈટ દ્વારા જીવંત વાર્તાલાપ...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી આગામી દિવસોમાં ગુજરાતી, હિન્દી સાહિત્યકારો તથા વિદ્વાનોના જીવન-કવન પર વાર્તાલાપ યોજી સીડી તૈયાર કરવા માગે છે. જેમણે પોતાના સાહિત્યથી સર્જન ગુજરાતી/હિન્દી સાહિત્યને સમૃદ્ધ કર્યું હોય તેવા પ્રતિભા સંપન્ન અને અસાધારણ સર્જન સિદ્ધિ હાંસલ કરનાર સર્જક/વિદ્વાનોને યુનિવર્સિટી આમંત્રણ આપનાર છે. આગામી દિવસોમાં સિતાંશુ યશશ્ચંદ્ર, ભોલાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર શાહ, લાભશંકર ઠાકર જેવા સારસ્વતોનો જીવંત વાર્તાલાપ સેટેલાઈટ દ્વારા કરવામાં આવનાર છે. જે વાર્તાલાપથી ગુજરાતી, હિન્દી સાહિત્યને તથા તેના થકી સાહિત્યના ઉપાસકોને ખૂબ જ પ્રોત્સાહન મળશે. આ વાર્તાલાપ દ્વારા સાહિત્યકારોના જ્ઞાનનું યુનિવર્સિટીમાં ડોક્યુમેન્ટેશન થશે. જેનો લાભ આગામી દિવસોમાં પણ મળશે.

રેડિયો કાર્યક્રમ...

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પોતાના વિવિધ અભ્યાસક્રમો અંગેનું પરામર્શન કરવા માટે રેડિયો માધ્યમનો પણ ઉપયોગ કરે છે. યુનિવર્સિટી દર માસના ચોથા રવિવારે સાંજે ૧૬.૦૦ થી ૧૭.૦૦ કલાક એટલે કે એક કલાક વિવિધ અભ્યાસક્રમોમાં નકકી કરેલ અભ્યાસક્રમ અંગે જીવંત વાર્તાલાપ યોજે છે.

આકાશવાણીનો આ જીવંત પ્રસારણનો જે તે વિષયના વિષય નિષ્ણાતોની મદદ લઈ માત્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જ નહીં પરંતું અભ્યાસક્રમ સંદર્ભે સમાજની અન્ય વ્યક્તિઓ જે જોડાયેલ છે તેમને પણ મળે છે. આરોગ્ય વિષયક, કોમ્પ્યુટર કે સ્ત્રી સશક્તિકરણ અંગેના જીવંત પ્રસારણમાં ગુજરાતભરમાંથી વિદ્યાર્થીઓ અને અન્ય રસ ધરાવતા લોકો ફોનના માધ્યમથી અનેક પ્રકારના પ્રશ્નો પૂછી વિષયનું સમાધાન મેળવે છે. આમ યુનિવર્સિટી રેડિયો કાર્યક્રમ દ્વારા યુનિવર્સિટીના અભ્યાસક્રમોને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવામાં સફળ થઈ છે.

ક્રમ	તારીખ	સમય	વિષય
૧	૨૨-૧૦-૨૦૦૬ રવિવાર	૦૪.૦૦ થી ૦૫.૦૦	CTBA અભ્યાસક્રમ
૨	૨૬-૧૧-૨૦૦૬ રવિવાર	૦૪.૦૦ થી ૦૫.૦૦	CCC-BAOU અભ્યાસક્રમ

અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની યોજેલ બેઠકો...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

૧. માસ્ટર્સ ઓફ આર્ટ્સ-ગુજરાતી (MGT)
૨. માસ્ટર્સ ઓફ વેલ્યુએશન અભ્યાસક્રમો (MVPM,MVRE)
૪. અંગ્રેજી વિષયક તમામ અભ્યાસક્રમો (MEG,DCE,EEG)
૫. ફીઝીયોથેરોપી અભ્યાસક્રમો (CFCP-1 & CFCP-2)
૬. આરોગ્યલક્ષી અભ્યાસક્રમો (DVHW, DMCH, CTBA)
૭. હિન્દી વિષયક અભ્યાસક્રમો (MHD, DCH, EHD)
૮. સ્ત્રી સશક્તિકરણ વિષયક અભ્યાસક્રમો (CWDL, CRW)
૯. માસ્ટર્સ ઓફ આર્ટ્સ-સમાજશાસ્ત્ર (MSO)
૧૦. માસ્ટર ઈન સોશીયલ વર્ક (MSW)

ઉપરોકત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે તથા જે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી પૂરતી ઉપલબ્ધ નથી તે અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષય નિષ્ણાતોને સોંપવામાં આવી છે.

અભિમુખતા કાર્યક્રમ...

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસકેન્દ્ર / પ્રોગ્રામકેન્દ્રના સંયોજકશ્રી/ ઈન્ચાર્જશ્રીને યુનિવર્સિટીની વર્તમાન પરિસ્થિતિ વિશે અભિમુખ કરવા માટે ચાર ઝોનમાં અભિમુખ કાર્યક્રમ યોજવા તેવુ નકકી થયું. તે અંતર્ગત સૌપ્રથમ રાજકોટ ખાતે તા.૨૫-૦૮-૨૦૦૬ના રોજ અંગ્રેજી ભવન, સૌરાષ્ટ્ર પ્રદેશ સ્થિત ૬૬ અભ્યાસ/ પ્રોગ્રામકેન્દ્રના પ્રતિનિધિઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. જે કાર્યક્રમના ઉદ્‌ઘાટનના મુખ્ય મહેમાન આદરણીય ડો.કમલેશ જોશીપુરા,કુલપતિશ્રી (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ) હતા. સમગ્ર અભિમુખતા કાર્યક્રમનું આયોજન ડો.કમલભાઈ મહેતા, ઈ/ચા. નિયામક પ્રાદેશિક કેન્દ્ર ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, રાજકોટ તથા અધ્યક્ષ, અંગ્રજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ કર્યુ હતું.

રાજકોટ ખાતેના અભિમુખતા કાર્યક્રમમાં દિપપ્રાગટય કરતા મા.કુલપતિશ્રી અવધેશકુમાર સિંહ તથા સાથે છે મુખ્ય મહેમાન ડો. કમલેશ જોશીપુરા, મા.કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા અન્ય મહાનુભાવો

બીજો અભિમુખતા કાર્યક્રમ પાટણ ખાતે તા.૧૨-૦૯-૨૦૦૬ના રોજ સી.કે.ઝવેરી ડિસ્ટન્સ એન્ડ કોમ્યુનિટી સેન્ટર, હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ૪૦ અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રના પ્રતિનિધિઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. જે કાર્યક્રમના ઉદ્‌ઘાટનના મુખ્ય મહેમાન આદરણીય ડો.બી.એ.પ્રજાપતિ કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટી, પાટણ હતા તથા અધ્યક્ષ આદરણીય ડો.અવધેશ કુમાર સિંહ, કુલપતિશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હતા.

પાટણ ખાતેના અભિમુખતા કાર્યક્રમમાં અધ્યક્ષશ્રીય પ્રવચન આપતા મા.કુલપતિશ્રી અવધેશકુમાર સિંહ તથા સાથે છે મુખ્ય મહેમાન ડો. બી. એ. પ્રજાપતિ, મા.કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તથા કુલસચિવશ્રી એસ.એચ.બારોટ

સમગ્ર અભિમુખતા કાર્યક્રમનું આયોજન ડો.મહેન્દ્રભાઈ પ્રજાપતિ, રીડર, મેથેમેટિકલ ડિપાર્ટમેન્ટ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ કર્યુ હતું.

ત્રીજો અભિમુખતા કાર્યક્રમ અમદાવાદ ખાતે તા.૨૬-૦૯-૨૦૦૬ ના રોજ શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં અમદાવાદ ઝોન સ્થિત અભ્યાસ/પ્રોગ્રામ કેન્દ્રોના ૭૫ સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓ હાજર રહયા હતા તથા ઓગસ્ટ-૨૦૦૬ સત્ર અન્વયે નવા સ્થપાયેલ પ્રોગ્રામ કેન્દ્રોના પ્રતિનિધિઓ પણ હાજર રહયા હતા. જે કાર્યક્રમના ઉદ્‌ઘાટનના મુખ્ય મહેમાન આદરણીય ડો. પરિમલ ત્રિવેદી, કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ હતા તથા અધ્યક્ષ આદરણીય ડો. અવધેશકુમાર સિંહ, કુલપતિશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ હતા. કાર્યક્રમનું આયોજન કરવામાં શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજના પ્રિ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે ખૂબ જ સહયોગ આપ્યો હતો.

ઉપરોકત ત્રણેય કાર્યક્રમોમાં મુખ્ય મહેમાનશ્રીઓએ પ્રવચનમાં જણાવ્યુ હતું કે પારંપરિક શિક્ષણની સાથે દૂરવર્તી શિક્ષણનો વ્યાપ વધારવો જોઈએ, વસ્તી વધારાની સાથે ઉચ્ચશિક્ષણ મેળવવા માટે આગામી દિવસોમાં દૂરવર્તી શિક્ષણ જ ઉત્તમ વિકલ્પ હશે. દૂરવર્તી શિક્ષણ અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચે અને તેની વધુ સારી સેવા વિદ્યાર્થીને મળી શકે તેવી વ્યવસ્થા ઓપન યુનિવર્સિટી કક્ષાએ થાય એ જરૂરી જણાવ્યુ હતું. તથા અધ્યક્ષીય પ્રવચનમાં ડો.અવધેશ કુમાર સિંહે યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિની તથા યુનિવર્સિટીની વર્તમાન પરિસ્થિતિની વાત કરી હતી તથા યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોની ગુણવત્તા સુધરે અને અભ્યાસસામગ્રી તથા કાઉન્સેલીંગ બંને બાબતો પર ભાર મૂકી જણાવ્યુ હતું કે તેમાં જે તે વિષયના તજજ્ઞોની યાદી તૈયાર કરી તેમની સેવા લેવામાં આવશે અને તેનાથી જ શિક્ષણમાં ગુણવત્તા સુધારી શકાશે.

બંને અભિમુખતા કાર્યક્રમમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કા.કુલસચિવશ્રી એસ.એચ.બારોટે યુનિવર્સિટીની પ્રવેશ, અભ્યાસસામગ્રી, પરીક્ષા અને હિસાબી વિભાગની તમામ વિષયો પર માહિતી આપી કેન્દ્રો પરથી આવેલ પ્રતિનિધિઓને અભિમુખ કર્યા હતા. દશરથ જાદવ, વ્યાખ્યાતા-ગુજરાતી એ અન્ય જરૂરી માહિતી આવેલ પ્રતિનિધિઆને આપી હતી. નવા સ્થપાયેલ પ્રોગ્રામ કેન્દ્રોને યુનિવર્સિટીના તમામ વિભાગોની વિશેષ માહિતી શ્રી એચ.કે. આર્ટ્સ કોલેજ ખાતે પ્રા.દશરથ જાદવએ આપી હતી તથા એચ.આઈ.વી./એઈડસ અંગેની જાગૃતિ લાવવા માટે યુનિવર્સિટીએ કરેલ કામગીરી તથા આગામી દિવસોમાં જે કેન્દ્રોના સહકારથી કામગીરી હાથ ધરવાની છે તેના એકશન પ્લાન અંગેની માહિતી આપવામાં આવી હતી.

અભિમુખતા કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી તથા તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં પ્રવેશ, અભ્યાસસામગ્રી તથા પરીક્ષા અંતર્ગત પ્રશ્નો અને સૂચનો માનનીય કુલપતિશ્રીએ સાંભળ્યા હતા અને તેના પ્રત્યુત્તર આપતા કહયું હતું કે જે પ્રશ્નો છે તેનું ટૂંક સમયમાં જ નિરાકરણ આવી જશે. તથા તેમણે હમણાં યુનિવર્સિટીમાં ચાલતી પ્રક્રિયા અંગેની માહિતી આપી હતી.

યુનિવર્સિટી ગ્રંથાલય...

ભારત જેવા લોકશાહી દેશમાં "દૂરવર્તી શિક્ષણ પ્રણાલી" એ શિક્ષણનું લોકશાહીકરણનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. ડો.રામરેડીએ ઓપન યુનિવર્સિટીઓને "New Temples of Learning" તરીકે નવાજેલ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયની અનિવાર્યતા શિક્ષણકારો અને શિક્ષણપંચોએ સ્વીકારી છે.

ઓપન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીએ અધ્યાપકોની અનુપસ્થિતમાં આપમેળે અભ્યાસ કરવાનો હોવાથી ગ્રથાલય સેવા અતિ આવશ્યક બની જાય છે. Open Learning પદ્ધિતમાં રાખવામાં આવતા વિદ્યાર્થીઓના સ્વાધ્યાય સરળ સુગમ અને સહજ બનાવવા માટે ગ્રંથાલય મદદરૂપ થાય છે. વર્ગખંડમાં આપવામાં આવતા શિક્ષણની પૂર્તિ ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે. ઓપન યુનિવર્સિટી ગ્રંથાલયની સુવિધાઓ ઉચ્ચશિક્ષણમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ઓપન યુનિવર્સિટીની પાયાની કામગીરી અભ્યાસ સામગ્રીનો વિકાસ સંગ્રહ અને વિતરણમાં પણ યુનિવર્સિટી નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.

આમ યુનિવર્સિટી ગ્રંથાલય વિદ્યાર્થી અને યુનિવર્સિટીના વિકાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે.

ડો. બા.આં.ઓ.યુ. ગ્રંથાલય :-

આ ગ્રંથાલય વાંચન સામગ્રીની દ્રષ્ટિએ ઘણુંજ સમૃદ્ધ છે. આ ગ્રંથાલયમાં IGNOUના Blocks,ડો.બા.આ.ઓ.યુ.ની અભ્યાસ સામગ્રી, રેફરન્સ પુસ્તકો, AIEEE અને Civil Services જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકોનો સંગ્રહ છે. આ ગ્રંથાલયમાં કુલ ૨૦૩૪૮ પુસ્તકો + ૬૦ CD છે. જે વિભાગ વાર નીચે મુજબ છે.

AIEEE ૧૪૬૨ + ૨૮૫૬ (Civil Services) +૧૭૦૩૦ (Reference books) =૨૦૩૪૮

આ વાચન સામગ્રી ૩૮ કબાટો અને ૧૧ ખુલ્લા રેકમાં વિષયાનુસાર વ્યવસ્થિત રીતે વિગતવાર ગોઠવણી કરવામાં આવેલ છે. ઉપભોકતા માટે વાચનખંડની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. આ ગ્રંથાલયામાં લવાજમ દ્વારા ૩૪+૧૦Gift + ૨૦ Civil Services કાર્યક્રમ અંતર્ગત લવાજમ ભરેલ આમ કુલ=૬૪ સામાયિકો આવે છે.

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો વિદ્યાર્થી સમગ્ર ગુજરાત રાજયમાં ફેલાયેલો હોવાથી આ વાચન સામગ્રીનો ઉપયોગ વિદ્યાર્થી રેફન્સ તરીકે આ લાયબ્રેરીમાં બેસીને કરી શકે છે. આ યુનિવર્સિટીના અધિકારીશ્રી, વિદ્યાર્થીઓ, સભ્યો, કર્મચારી આ વાંચન સામગ્રીનો ઉપયોગ કરે છે.

આ ગ્રંથાલયના વિવિધ ઉપભોકતાઓ જેવા કે અધિકારીશ્રી, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને ગ્રંથાલય દ્વારા વૈવિધ્ય પૂર્ણ સેવાઓ આપવામાં આવે છે. આ સેવામાં ગ્રંથ આપ-લે, સંદર્ભ સેવા, અનુલય સેવા, ઝેરોક્ષ સેવા, નિર્દેશીકરણ સેવા અને સ્ટુડન્ટ સપોર્ટ સર્વિસ વગેરેનો સમાવેશ થાય છે.

અભ્યાસકેન્દ્રો આ યુનિવર્સિટીના સ્તંભો હોવાથી અભ્યાસકેન્દ્રો પર ગ્રંથાલયની સુવિધા ઉપલબ્ધ થાય તથા સંદર્ભગ્રંથો પણ પ્રાપ્ત બને તે હેતુથી લઘુત્તમ સુવિધા અને સામગ્રી પૂરી પાડી ૩૬સેન્ટરને ૧૧૯ પુસ્તકો વિદ્યાર્થી સહાય સેવા હેઠળ મોકલાવેલ છે.

ગ્રંથાલયનું કોમ્પ્યુટરાઈઝેશન :-

ઈન્ફલીબનેટ સેન્ટર, અમદાવાદ દ્વારા બનાવવામાં આવેલ Library "SOUL" Software ની ખરીદી કરી ગ્રંથાલય યાંત્રીકરણનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કે Catalogue માં પુસ્તકોની એન્ટ્રી શરૂ કરી કુલ ૧૧૦૦૦ પુસ્તકોની ડેટા એન્ટ્રી કરેલ છે. આમ આ કાર્ય પુર્ણ થતા Step by Step ગ્રંથાલયનું કોમ્પ્યુટરાઈઝેશનનું કાર્ય આગળ વધારવામાં આવશે.

અન્ય વિભાગો :-

માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત આ યુનિવર્સિટી દ્વારા આયોજીત પ્રશિક્ષણ કાર્યક્રમ AIEEE અને Civil Services હેઠળ આ યુનિવર્સિટી લાયબ્રેરીમાં અલાયદો વિભાગ બનાવવામાં આવેલ છે.

AIEEE-૧૪૬૨ (પુસ્તકો)

Civil Services-૧૮૫૬(પુસ્તકો)+૨૦ સમાયિકો

આ વિભાગમાં MAT, CAT, NET, SLET, TOEFL, BANK,IELTS,NDA,MBA,IIT,RAILWAY, GPSC, UPSC વિગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા ગ્રંથોનો સંગ્રહ છે.GPSC, UPSC અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા ૨૦ સમાયિકો મંગાવવામાં આવે છે.જેનો ઉપયોગ GPSC, UPSC, AIEEE અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા ઈચ્છતો વિદ્યાર્થી લાયબ્રેરીના નિયમોને આધીન જાહેર રજાના દિવસો સિવાય લાયબ્રેરી સમય દરમ્યાન રેફરન્સ લાયબ્રેરી તરીકે કરી શકશે.

MSW અભ્યાસક્રમ અંગે...

આપણી યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટ-૨૦૦૫ ના શૈક્ષણિક સત્રથી શરૂ કરેલ MSW અભ્યાસક્રમમાં ૨૪૭ વિદ્યાર્થીઓ જોડાયેલા છે. MSW અભ્યાસક્રમ કરતાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી તૈયાર થયેલ અભ્યાસસામગ્રી મોકલી આપવામાં આવેલ છે. છતાં હજુ વિદ્યાર્થીને સાહિત્ય આપવાનું બાકી પણ છે તથા અભ્યાસક્રમના સેટેલાઈટ દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવેલ છે. સેટેલાઈટ કાર્યક્રમમાં વિષય નિષ્ણાતની પેનલ બનાવી જરૂરી એટલા કાઉન્સેલીંગ થનાર છે. આ અભ્યાસક્રમ અંગે એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં પ્રોફેસર અને પૂર્વ ડિન ડો. અનિલ નાવલે, એમ.એસ.ડબલ્યુ. વિભાગ, એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડા, બરોડા તથા પ્રાધ્યાપક અને પૂર્વ અધ્યક્ષશ્રી ડો. ચંદ્રગુપ્ત સાનન, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદનો સમાવેશ થાય છે. આ અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટી ખાતે ૧૫-૧૬ સપ્ટેમ્બરના રોજ વિષય નિષ્ણાતોની ઉપસ્થિતિમાં એક વર્કશોપ થઈ ગયો જેમાં વિદ્યાર્થીને ધ્યાને રાખી નીચેના કેટલાક નિર્ણયો લેવામાં આવેલ છે.

- નિયત કરેલ પ્રશ્નપત્ર મુજબ વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન અભ્યાસસામગ્રીના વિકલ્પે સ્ટાન્ડર્ડ પુસ્તકોનો સેટ ખરીદી આપવામાં આવશે.
- સેટેલાઈટ દ્વારા MSW ના નિષ્ણાતો દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવશે તથા તેની STAODL કાર્યક્રમ દ્વારા તૈયાર થયેલ CD નકકી કરેલ અભ્યાસકેન્દ્ર પર વિદ્યાર્થીના ઉપયોગ માટે આપવામાં આવશે.
- સદર અભ્યાસક્રમમાં તમામ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે અમદાવાદ, વડોદરા, રાજકોટ, પાટણ એમ ચાર વિભાગમાં વિદ્યાર્થીઓનું ગ્રુપીંગ કરીને વિષયનું માર્ગદર્શન/ પરામર્શન આપવામાં આવશે.
- ફિલ્ડવર્ક અને પ્રોજેકટવર્ક માટે વિદ્યાર્થીઓના ગ્રુપ કરીને જુદી જુદી જગ્યાએ શિબિરો ગોઠવવામાં આવશે.
- ફિલ્ડવર્ક અને પ્રોજેકટવર્કનો મુખ્ય વિષય એચ.આઈ.વી.એઈડસ નિયંત્રણ કાર્યક્રમ એવો રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

ગતિવિધિ...

- ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી **એચ.આઈ.વી./ એઈડસ** અંગેની જાગૃતિ લાવવા માટે યુનિવર્સિટીએ એક અભિયાન હાથ ધરેલ છે. જેના સંદર્ભે યુનિવર્સિટી દ્વારા તા.૨૪-૦૯-૨૦૦૬ રવિવારના રોજ ૨ કલાકે બપોરે સેટેલાઈટ દ્વારા **"એચ.આઈ.વી./એઈડસની સમસ્યા અને તેનું નિવારણ"** પર વ્યાખ્યાન ગોઠવવામાં આવેલ જેમાં વિષય નિષ્ણાત તરીકે ડો. ડી.એમ. સકસેના (એડીશનલ ડાયરેકટર - એઈડસ કંટ્રોલ સોસાયટી, ગુજરાત સરકાર) હાજર રહયા હતા. તેમજ આગામી દિવસોમાં પણ આ વિષયે વધુ જાગૃતિ કેળવાય તે માટે યુનિવર્સિટીએ એકસન પ્લાન ઘડેલ છે.
- ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ડો.બાબાસાહેબના જીવન-કવન પર અભ્યાસક્રમ શરૂ કરવાનું નકકી કરેલ છે. જે વિષય અંતર્ગત યુનિવર્સિટી ખાતે તા.૧૫-૦૯-૨૦૦૬ના રોજ આંબેડકરના જીવન પર કામ કરનારા વિદ્વાનો ડો.પી.જી.જ્યોતિકર,ડો. રમેશચંદ્ર પરમાર, ડો. મનુભાઈ મકવાણા, શ્રી ગોવિંદભાઈ ચૌહાણ તથા સરકારમાં (બક્ષીપંચ અલ્પસંખ્યક) નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી કે.જી. વણઝારા ઉપસ્થિત રહયા હતા. જેમણે બાબાસાહેબ આંબેડકર ના જીવનની આજે પણ રહેલી પ્રસ્તુતા અંગે ચર્ચા કરી હતી. ભારતનું બંધારણ રચીને તેમણે સામાજિક ન્યાય, સ્વતંત્રતા, અખંડિતતા અને દેશમાં બંધુત્વની કેડી કંડારી હતી આવા યુગ પુરુષના વિચારો સમાજમાં ફેલાય અને ભાવિ પેઢી માટે પણ પથદર્શક બની રહે એ જરૂરી માની યુનિવર્સિટીએ તેમના જીવન-કવન પર અભ્યાકમ શરૂ કરવાનો નિર્ણય લીધો તેને બેઠકમાં ઉપસ્થિત સભ્યોએ સહર્ષ આવકાર્યો હતો. અને તેમણે જે તે તબકકે મદદની જરૂર હોય ત્યાં મદદ કરવાની ખાત્રી પણ આપી હતી.

પરિસંવાદ-પ્રતિનિધિત્વ...

- નેશનલ એકેડીએશન એસેસમેન્ટ કાઉન્સીલીંગ તથા એકેડેમિક સ્ટાફ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુકત ઉપક્રમે રાજકોટ ખાતે બે દિવસીય સેમીનારમાં તા.૨૬-૦૮-૨૦૦૬ના રોજ ડો.અવધેશકુમાર સિંહ (કુલપતિ)એ **'એકસેલન્સ ઈન હાયર એજયુકેશન'** વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- સાહિત્ય અકાદમી દિલ્હી, અક્ષરા તથા એમ. એસ.યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે વડોદરા ખાતે **"લીટરસી એન્ડ અધર ડિસીપ્લીન"** વિષય પર બે દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં તા.૦૮-૦૯-૨૦૦૬ના રોજ ડો.અવધેશકુમાર સિંહ (કુલપતિ)એ મુખ્ય વકતવ્ય આપ્યુ હતું.
- ૫ સપ્ટેમ્બર-૨૦૦૬ શિક્ષક દિનના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે ટીચર્સ એસોશીએશન, ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત શિક્ષક દિન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડો. અવધેશકુમાર સિંહ, કુલપતિએ હાજર રહી પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું.

પ્રાસંગિક...

- ૧૫મી ઓગસ્ટના રોજ <u>સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી</u>ના ભાગ રૂપે કુલપતિશ્રી ડો.અવધેશકુમાર સિંહના વરદ હસ્તે સવારે ૮.૦૦ કલાકે યુનિવર્સિટીના પટાંગણમાં યુનિવર્સિટીના તમામ અધિકારી/કર્મચારીઓની હાજરીમાં ધ્વજવંદન થયુ હતુ. ધ્વજવંદન બાદ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ઉદ્‌બોધન કરતાં કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે, ભારતને આઝાદી મેળવવામાં નામી-અનામી જેમણે યોગદાન આપ્યુ છે તેમને યાદ કરતાં તેમણે અપાયેલી આઝાદીને વર્તમાન સમસ્યાઓનો સામનો કરીને તેને સાચવવાની જવાબદારી આપણા સહુની છે રાષ્ટ્ર પ્રેમ અને સમાજ પ્રેમ દ્વારા જ આપણે સૌ દેશની સેવા કરી શકીશું. શિક્ષણ દ્વારા સમાજનું ઘડતર થાય છે અને એ જવાબદારીમાં આપણે સૌ સંકળાયેલા છીએ ત્યારે તે આપણી સહુની બને છે. રાષ્ટ્રના ઉદ્ધાર માટે આપણે આજના મંગલ પર્વે સંકલ્પ કરીએ કે આપણને સોંપવામાં આવેલી જવાબદારીઓ નિષ્ઠા પૂર્વક નિભાવીએ અને બને એટલા સમાજને મદદરૂપ થઈએ
- ભારતની આઝાદીના સમયગાળામાં સૌ ભારતિયોમાં એકતા લાવવા માટે તથા પાછળથી જે ગીતનો રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર થયો છે તે ગીતની શતાબ્દી વર્ષની ઉજવણી થઈ રહી છે. ત્યારે સમગ્ર ભારત વર્ષમાં તેનું રાષ્ટ્રગાન તરીકે તેને એક સાથે ગવાય તે ઉદ્દેશથી સામેલ થવા ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા.૦૭-૦૯-૨૦૦૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મા.કુલપતિશ્રીની ઉપિસ્થતિમાં યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ <u>વંદે માતરમ્‌નું ગાન</u> કર્યું હતું તથા મા.કુલપતિશ્રીએ વંદે માતરમ્‌ ગાન વિશે પ્રસંગોચિત વકતવ્ય આપ્યુ હતું.

અભ્યાસ/પ્રોગામ કેન્દ્રો માટે...

યુનિવર્સિટીના તમામ કેન્દ્રો પર કોઈ યુનિવર્સિટી સંલગ્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોય તો તેની માહિતી તેમજ દરેક સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીને પોતાના કેન્દ્રનો પરિચય મુખપત્રના સંયોજક, ચેતના શાહ, ગ્રંથપાલ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસટીને મોકલી આપવાં વિનંતી. જેથી યુનિવર્સિટીના જ્ઞાનગંગા મુખપત્રના આગામી અંકોમાં તેનો ક્રમાનુસાર સમાવેશ થઈ શકશે.

સેમિનાર...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસટી દ્વારા તા.૨૯-૦૯-૨૦૦૬ના રોજ **"ક્વોલીટી ઈન ડિસ્ટન્સ એજયુકેશન"**ના વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામા આવેલ છે. જેમાં મુખ્ય વકતવ્ય પ્રો. આશા કન્વર, ઉપપ્રમુખ, કોમનવેલ્થ ઓફ લર્નિંગ, કેનેડા દ્વારા આપવામાં આવશે. આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે ડો. કે. પી. જોષીપુરા, મા.કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, તથા ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડો. મનોજ સોની, મા.કુલપતિશ્રી, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા હાજર રહેશે. તેમજ પ્લેનરી વકતવ્ય ડો. પી. કે. મહેતા, પૂર્વ ઉપકુલપતિશ્રી, ઈગ્નૂ તથા ડો. સ્વરાજ બસુ, નિયામકશ્રી, ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ, નવી દિલ્હી દ્વારા આપવામાં આવશે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : શ્રી એસ. એચ. બારોટ, કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડફનાળા પાસે, શાહીબાગ, અમદાવાદ.
સંપાદક મંડળ : કુસુમ શર્મા, દશરથ જાદવ, ધાર્મિણી મહેતા તથા ચેતના શાહ. **કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન :** અલ્પેશ પટેલ

STAMP

To,

રવાના :-
કુલસચિવશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નં. ૯, ડફનાળા પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૩. (ગુજરાત) ટેલિ.૦૭૯-૨૨૮૬૯૬૯૦/૧ ફેકસ : ૨૨૮૬૯૬૯૧,ઈ-મેઈલ : feedback@baou.org,વેબસાઈટ : www.baou.org